# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/357 Dt. 09/03/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગલ્ફમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ બાકી રહેલી સબસિડી તાત્કાલિક ચૂકવવા ચેમ્બરની રાજ્ય સરકારને રજૂઆત

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિ અને માર્ચ મહિનામાં સમાપ્ત થનારા નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ને ધ્યાનમાં રાખીને ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ ઔદ્યોગિક એકમોને મળવાપાત્ર બાકી રહેલી સબસિડી અને પ્રોત્સાહક રકમોની તાત્કાલિક ચૂકવણી કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી દ્વારા ગુજરાત રાજ્યના માનનીય ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને પત્ર લખીને જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરાઇ છે.

ચેમ્બર દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે કે, સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ મુખ્ય આધારસ્તંભ તરીકે કાર્ય કરી રહ્યો છે અને રોજગારી સર્જન, એક્ષ્પોર્ટ તથા ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ આપવામાં આવતા વિવિધ પ્રોત્સાહનોને ધ્યાનમાં રાખીને અનેક ટેક્ષ્ટાઇલના ઔદ્યોગિક એકમોએ આધુનિક ટેકનોલોજી અપનાવવા તેમજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રોકાણ કર્યું છે, પરંતુ હાલમાં ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિના કારણે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે

આંતરરાષ્ટ્રીય વેપારનો માહોલ બગડયો છે. એક્ષ્પોર્ટના ઓર્ડર, લોજિસ્ટિક્સ અને બજારની સ્થિરતા પર નકારાત્મક અસર પડી રહી છે.

આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવી છે કે, ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી હેઠળ ઔદ્યોગિક એકમોને મળવાપાત્ર બાકી રહેલી સબસિડી અને પ્રોત્સાહક રકમોની તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે. આ પ્રોત્સાહનોની સમયસર ચૂકવણી ઉદ્યોગોને વર્તમાન પરિસ્થિતિમાં જરૂરી લિક્વિડિટી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ બનશે અને તેઓને તેમની નાણાકીય બાંહેધરીઓ પૂર્ણ કરવામાં સહાયરૂપ બનશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આ બાબતમાં ઝડપી અને સકારાત્મક પગલાં લેવામાં આવશે તો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો વિશ્વાસ વધુ મજબૂત બનશે તેમજ સુરત અને દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનું મહત્વપૂર્ણ યોગદાન સતત જળવાઈ રહેશે.